સામના
દૈનિક

શહેરનું તાપમાન

મહત્તમ	૩૫.૮ સેલ્સિ. ડિગ્રી
લઘુત્તમ	૩૦.૩ સેલ્સિ. ડિગ્રી
ભેજનું પ્રમાણ	૬૯ ટકા
હવાનું દબાણ	૧૦૦૩.૭ મીલીબાર

જાહેરાત - જાહેર નોટિસ માટે સંપર્ક કરો
મો. નં. ૯૯૨૪૯૯૯૪૬૩
કોપી બુક કરાવવા માટે સંપર્ક કરો
મો. નં. ૯૦૩૩૬૩૦૧૧૨

ધો-૧૦ સીબીએસઈનું પરિણામ જાહેર

સુરતની મોટાભાગની શાળાનું પરિણામ સરેરાશ ૧૦૦ ટકા રહ્યું

ગુજરાતનો સમાવેશ કરતા અજમેર કેન્દ્રનું ૯૩.૩૦ ટકા પરિણામ

વેબસાઈટ ક્રેશ થઈ જતા કલાકો સુધી વિદ્યાર્થીઓ પરિણામ જોઈ શક્યા નહી

સુરત તા.૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦નું પરીક્ષાનું આજે દેશવ્યાપી પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુજરાતનો સમાવેશ કરતા અજમેર કેન્દ્રનું પરિણામ ૯૩.૩૦ ટકા નોંધવામાં આવ્યુ છે. સુરતની સીબીએસઈ બોર્ડની મહત્તમ શાળાઓનાં વિદ્યાર્થીઓનું પરિણામ સરેરાશ ૧૦૦ ટકા રહ્યું હોવાથી વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

સેન્ટ્રલ બોર્ડ દ્વારા આજે જાહેર કરવામાં આવેલા દેશવ્યાપી પરિણામમાં સુરતના વિદ્યાર્થીઓએ પણ તેજસ્વી દેખાવ કર્યો હતો. સુરતની સી.બી.એસ.ઇ બોર્ડની મોટાભાગની શાળાનું પરિણામ સરેરાશ ૮૫ થી ૧૦૦ ટકા સુધીનું નોંધવામાં આવ્યુ છે. સેન્ટ્રલ બોર્ડના વિવિધ પ્રદેશ પૈકી ગુજરાતનો સમાવેશ કરતા અજમેર પ્રદેશ અજમેર કેન્દ્રનું પરિણામ ૯૩.૩૦ ટકા પરિણામ જાહેર થયુ હતુ. અજમેર કેન્દ્રમાં ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાનનો સમાવેશ થાય છે. આ કેન્દ્રની અંદાજે ૧૫૦૦ જેટલી સ્કૂલોમાં અભ્યાસ કરી રહેલા અંદાજે ૧.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જે પૈકી ૯૩.૩૦ ટકા વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. બોર્ડ દ્વારા બપોરનાં સમયે ઓનલાઈન રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યું હતું પણ એકસાથે અનેક વિદ્યાર્થીઓએ રિઝલ્ટ જોવાનો પ્રયત્ન કરતા એક તબક્કે બોર્ડની વેબસાઈટ ક્રેશ થઇ ગઇ હતી અને કલાકો સુધી વિદ્યાર્થીઓ પરિણામ જાહેર થઇ ગયું હોવા છતા વેબસાઈટ જોઇ શકયા ન હતા. સીબીએસઇ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ધોરણ-૧૦ની પરીક્ષામાં અનેક વિદ્યાર્થીઓ ૯૦ ટકા કરતા વધારે પરિણામ મેળવી શકયા હોવાથી વાલીઓ તેમજ વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

કઈ કઈ સ્કુલના કેટલા વિદ્યાર્થીઓએ ૧૦માંથી ૧૦ સીજીપી મેળવ્યા

શહેરની ડી.પી.એસ સ્કૂલના ૧૫૬ વિદ્યાર્થીઓએ ૧૦ માંથી ૧૦ સીજીપીએ મેળવ્યા હતા. જ્યારે વશિષ્ઠ વિદ્યાલયના ૧૭ વિદ્યાર્થીઓ, કેન્દ્રીય વિદ્યાલયના ૨૩ વિદ્યાર્થીઓ, પી.પી.સવાણીના ૨૨ વિદ્યાર્થી, ડ્રીમ હાઇ સ્કોલર ઇંગ્લીશ એકેડમીના ૮ વિદ્યાર્થીઓ, તેમજ જી.ડી.ગોએન્કા સ્કૂલના ૨૨ વિદ્યાર્થીઓ ૧૦ માંથી ૧૦ સીજીપીએ મેળવવામાં સફળતા મેળવી હતી. જ્યારે તાપીવેલી સ્કૂલના ૫ વિદ્યાર્થીઓ ૧૦ માંથી ૧૦ સીજીપીએ પ્રાપ્ત કરી શક્યા હતા.

પાક. સામેની મેચમાં ભારતની જીતની પ્રબળ શક્યતાઃ પઠાણ

સુરત, તા. ૩

સુરતના વેસુ ખાતે ક્રિકેટ એકેડમી ઓફ પઠાણના લોન્ચિંગમાં આવેલા ઇરફાન પઠાણે પાકિસ્તાન સામેની મેચમાં ભારતની જીતની પ્રબળ શક્યતા વ્યક્ત કરી હતી. સાથે જણાવ્યું કે ટીમ ઇન્ડિયાની સ્થિતી મજબૂત છે.

સાથે જ વિવાદથી દૂર રહેતા પઠાણે ઇન્ડિયન ક્રિકેટ બોર્ડમાં ચાલતાં વિવાદ અંગે કોઇ પણ કોમેન્ટ કરવાનું ટાળ્યું હતું. નાના શહેરોમાં ક્રિકેટ એકેડેમીથી નવા ખેલાડીઓ બહાર આવવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. ઇરફાન પઠાણે આવતીકાલે ચેમ્પિયન ટ્રોફીમાં યોજાનારી ભારત-પાકિસ્તાનની મેચ અંગે જણાવ્યું હતું કે, કપ્તાન વિરાટ કોહલીની અગ્રેસિવ ભૂમિકામાં ટીમ મજબૂત છે. તમામ ખેલાડીઓ સારું રમી રહ્યાં રહ્યાં છે. અશ્વિનની બોલીંગ અસરકારક છે. સાથે જ તેમણે જણાવ્યું હતું કે, પાકિસ્તાનની બોલીંગ અને બેટીંગની સરખામણીમાં ભારતના બોલર અને બેટ્સમેનનું પર્ફોમન્સ સારું છે. જેથી ભારતની જીત થશે તેમાં કોઇ શંકાને સ્થાન ન નથી.

વર્તમાન સમયમાં ઇન્ડિયન ક્રિકેટ બોર્ડમાં ચાલી રહેલા વિવાદ પર ખેલાડીઓ પર શું અસર પડી શકે તેવા સવાલના જવાબમાં ઇરફાને જણાવ્યું હતું કે, વિવાદ અંગે મને કશી વધારે માહિતી નથી. અને આમ પણ હું વિવાદમાં માનતો નથી. વળી હાલ પવિત્ર રમજાન માસ ચાલતો હોવાથી હું વધારે કોઇ વિવાદમાં પડવા પણ માંગતો નથી એમ કહીને સમગ્ર વાતને ટાળી દીધી હતી.

ક્રિકેટ એકેડમી ઓફ પઠાણના લોન્ચિંગ બાદ ઇરફાને જણાવ્યું હતું કે, હું પણ નાના શહેરમાંથી બહાર આવ્યો છું. અને નાના શહેરોમાં ક્રિકેટનું પધ્ધતિસરનું નોલેજ આપવામાં આવે તો ખૂબ સારી પ્રતિભાઓ ક્રિકેટના ક્ષેત્રમાં આગળ આવી શકશે. અને આ કામ પઠાણ ક્રિકેટ એકેડમી દ્વારા કરવામાં આવશે.

ઇરફાન પઠાણ એકેડમીમાં અવ્યવસ્થાઓનો અંબાર

ક્રિકેટ એકેડમી ઓફ પઠાન્સ (કેપ)નું લોંચિંગ શનિવારે વેસુ સન ટેક્સ પાસે કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતનાં ક્રિકેટર ઇરફાન પઠાણ હાજર રહ્યા હતાં. જોકે કાર્યક્રમમાં ભારોભાર અવ્યવસ્થાઓને પગલે લોકોને ખૂબજ હેરાન થવું પડ્યું હતું. બપોરે ત્રણ થી ચાર વાગ્યાનાં સમયે બાળકોને ભર તડકામાં ખુલ્લામાં બેસાડવામાં આવ્યા હતાં. ગરમી અને તડકાને કારણે કેટલાક બાળકોની તબિયત પર પણ અસર જોવા મળી હતી. ઇરફાન પઠાણ દ્વારા લોંચિંગ કરાયા બાદ ઇરફાન પઠાણની સાથેજ આયોજકો પણ સ્થળ પરથી રવાના થઇ ગયા હતાં. ઇરફાન પઠાણ દ્વારા શનિવારે સુરત ખાતે ક્રિકેટ એકેડમી શરૂ કરવામાં આવી હતી. જેમાં સુરતનાં બાળકોને પ્રવેશ આપવાનો અને એકેડમીનાં લોંચિંગનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. નંદનવન, સન ટેક્સની સામે ક્રિકેટ એકેડમી ઓફ પઠાણ્સનું લોંચિંગ કરાયું હતું. પરંતુ અહીં ભારોભાર અવ્યવસ્થાઓ જોવા મળી હતી. ભર બપોરે ૩.૦૦ કલાકે બાળકોને રજીસ્ટ્રેશન માટે બોલાવવામાં આવ્યા હતાં. નાના ભુલકાઓને તડકામાં બેસાડવામાં આવ્યા હતાં. સાથેજ તેમના પેરેન્ટ્સ પણ ભર તડકામાં બે કલાક સુધી ઇરફાન પઠાણનાં ઓટોગ્રાફ લેવા રાહ જોતા રહ્યા હતાં. લગભગ એક કલાક ઇરફાન પઠાણ રોકાયા હતાં. મિડીયાને પોતાની એકેડમીની જાણકારી આપી એકેડમીનું લોંચિંગ કરી તરતજ નિકળી ગયા હતાં. આ દરમ્યાન સમગ્ર લોકોને ભર તડકામાં ખુલ્લા આકાશ નીચે બેસાડવામાં આવ્યા હતાં. સાથેજ અહીં પાણીની પણ યોગ્ય વ્યવસ્થા ન હતી.

૫૧ લાખનું ઈનામ લાગ્યું છે કહી મહિલા સાથે ઠગાઈ

સુનિતા લીંબોળ સાથે થઈ ઠગાઈ, આરોપીઓએ પ્રોસેસ ફી અને ટેક્સના નામે ખાતામાં પૈસા ભરાવ્યા હતા.

સુરત, તા. ૩

ભાઠેના પંચશીલનગરમાં રહેતી મહિલાને રૂપિયા ૫૧ લાખનું ઈનામ લાગ્યું છે હોવાનું કહી બે ઠગબાજોએ રૂપિયા ૫૧ હજાર પડાવી ઠગાઈ કરી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

સલાબતપુરા પોલીસના જણાવ્યા મુજબ ભાઠેના પંચશીલનગરમાં રહેતી સુનિતા મનોહર લીંબોળે (ઉ.વ.૩૫) શાકભાજીનો ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.સુનિતાને ગત તારીખ ૨૧મી મેના રોજ અજાણ્યાનો મોબાઈલ આવ્યો હતો. અજાણ્યાઓએ પોતાની ઓળખ બ્રિજેશકુમાર અને વિક્રમકુમાર તરીકે આપી હતી. અને વાતોમાં વિશ્વાસમાં લઈ સુનિતાને રૂપિયા ૨૫ લાખનું ઈમાન લાગ્યું છે. હોવાનું કહી પ્રોસેસ ફી અને ટેક્સના નામે અલગ અલગ ત્રણ તબક્કામાં રૂપિયા ૫૧,૩૦૦ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવ્યા બાદ ઉપાડી લીધા હતા. બેન્કમાં પૈસા જમા કરાવી દીધા બાદ સુનિતા દ્વારા ઈનામના નાણા ક્યારે મળશે જે માટે ફોન કરતા બંને જણાના મોબાઈલ સ્વીચ ઓફ આવ્યો હતો. જેથી સુનિતાને ખ્યાલ આવી ગયો કે તેમની સાથે ઠગાઈ કરવામાં આવી છે. અને બનાવ અંગે ગઈકાલે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી મોબાઈલ નંબરના આધારે તપાસ શરૂ કરી છે.

માંગરોળ સહિતના વિસ્તારમાં વાવાઝોડા સાથે વરસાદ

સુરત.તા.૩

આજરોજ માંગરોળ તાલુકાના ગીજરમ ગામમાં વાવાઝોડા અને બરફના કરા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. વાવાઝોડા સાથે પડેલાં વરસાદના કારણે ગામમાં ભયંકર નુકશાન થયું હતું. જેના કારણે જુબેર ઉમેરજી કડિવાલા અને અલ્પેશ બળવંત દેસાઈના બે મકાન તુટી પડ્યા હતા. ત્યારે અહેમદભાઈની માલિકાના નવ બકરાના પણ મોત નિપજ્યાં હતા. ઉપરાંત સુરત જિલ્લાના યુથ કોંગ્રેસ રણજીતસિંહના ખેતરમાં ૨,૦૦૦, ૨૫૦૦ કેરીના છોડ ઉભા પાક સાથે તુટી પડ્યા હતા. તેમજ ખુમાનસિંહ ગોહિલ, નટવરસિંહ,શાહિદ શેખ અને અન્ય ખેડુતોના તૈયાર પાક ઉતારવાના સમયે ભયંકર નુકશાન થયું હતું. ઉપરોક્ત વાવાઝોડા સાથે વરસેલાં વરસાદના કારણે આજુબાજુના ગામોમાં પણ ભારે નુકશાન થયું હતું.

શહેર અને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદી ઝાપટા થયા બાદ આજે સવારથી જ અસહ્ય ઉકળાટ અને બફારાનો અનુભવ થતા શહેરીજનો પરસેવે રેબઝેબ થઈ ગયા છે.

શહેરમાં સવારથી જ પશ્ચિમ દિશાથી દરિયાળ ભેજવાળો પવન ફૂંકાઈ રહ્યો છે. ગત સાંજે શહેરના કેટલાક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદી ઝાપટા નોંધાયા હતા. જ્યારે જિલ્લામાં પણ ઝાપટુ થયું હતું. આજે સવારથી જ વાદળછાયુ વાતાવરણ સર્જાયુ છે.

કલેક્ટરમાં કંટ્રોલ રૂમ શરૂ કરાયો

ચોમાસા ઋતુ દરમિયાનક તકેદારીના ભાગરૂપે જિલ્લા કલેક્ટર દ્વારા ફ્લડ કંટ્રોલ રૂમ શરૂ કરી દેવામાં આવ્યો છે જે માટે ૩૩ નાયબ મામલતદારોની બદલીના ઓર્ડરો કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટરાલયમાંથી મળતી વિગત મુજબ જિલ્લા કલેક્ટર દ્વારા ચોમાસા ઋતુ દરમ્યાન વાવાઝોડુ, પૂર, અતિભારે વરસાદની પરિસ્થિતિ વખતે રાહત અને તકેદારીના પગલા લેવા માટે ઇમરજન્સી રીસોર્સ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે જે માટે દરેક તાલુકા દીઠ એક અને જિલ્લા દીઠ એક નાયબ મામલતદારની જગ્યાનું મહેકમ તારીખ ૧-૬-૨૦૧૭થી ૩૦-૧૧-૨૦૧૭ સુધીના સમયગાળા માટે મહેકમ મંજુર કરવામાં આવતા સુરત જિલ્લાના ૩૩ નાયબ મામલતદારોની આંતરિક બદલીઓ કરવામાં આવી હતી.

ધોરણ ૧૧ અને ૧૨ માટે સીપીટી પરીક્ષાનો અંતિમ ચાન્સ

૧૨મા ધોરણમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થી અને ૧૨ પાસ વિદ્યાર્થી સીપીટી માટે રજિસ્ટ્રેશન કરાવી શકે, ૩૦ જૂન સીપીટીમાં રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ

સુરત.તા.૩

૫ ઇન્સ્ટિટ્યૂટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયા દ્વારા નવા પાઠ્યક્રમની ઘોષણા કરવામાં આવી છે. જૂના પાઠ્યક્રમની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે હજી પણ સીપીટી પરીક્ષાના દ્વાર ખુલ્લા છે. ધોરણ ૧૧ અને ૧૨ માના વિદ્યાર્થી ૩૦ જૂન સુધી જૂના પાઠ્યક્રમ અનુસાર પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

આઈસીએઆઈ દ્વારા જાહેર નવા પાઠ્યક્રમમાં અનેક બદલાવ કરવામાં આવ્યા છે. જેમા સીએ બનવા માટે પ્રથમ પડાવ એટલે કે સીપીટી ની જગ્યાએ ફાઉન્ડેશન કોર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના માટે ૪ દિવસીય પરીક્ષા છે. સાથે જ પરીક્ષાનું સ્તર પણ વધારવામાં આવ્યુ છે જ્યારે સીપીટીની એક દિવસીય પ્રવેશ પરીક્ષા હોવાની સાથ બહુવિકલ્પી આધારિત છે અને તેની તુલનામાં સરળ છે. ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થીઓ અને ૧૨મા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ માટે સીપીટીની આસાન પરીક્ષા પાસ કરી સીધા નવા પાઠ્યક્રમમાં ઇન્ટરમિડિએટ લેવલની પરીક્ષા સુધી જવાનો અંતિમ અવસર હજુ પણ ૩૦ જૂન સુધી છે. જે પણ વિદ્યાર્થી આ આખરી અવસરનો લાભ લેવા માંગતા હોય તેમને ૩૦ જૂન ૨૦૧૭ સુધી સીપીટી માટે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે નવા પાઠ્યક્રમ અનુસાર સીપીટીની જગ્યાએ ફાઉન્ડેશન કોર્સમાં આવેદન કરવા માટે વિદ્યાર્થીએ ૧૨માની પરીક્ષા પછી જ એડમિટ કાર્ડના આધારે રજિસ્ટ્રેશન કરાવી શકે છે પરંતુ સીપીટીમાં વિદ્યાર્થીને ૧૦ મા પછી પણ રજિસ્ટ્રેશન કરવાની અને ૧૨મા ધોરણના બે મહિના બાદ પરીક્ષા આપવાની છૂટ હતી. હાલ આ વર્ષે જે વિદ્યાર્થીઓ ૧૨મા ધોરણમાં પ્રવેશ્યા છે તે વિદ્યાર્થીઓ સીપીટીમાં રજિસ્ટ્રેશન કરાવી શકે છે અને ૧૨માની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ ૧૮ જૂને થનારી પરીક્ષામાં ભાગ લઇ શકશે.



કેમ છે આ અંતિમ અવસર

સીપીટીના જૂના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા પેટર્ન સહેલી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રવિ છાવછરિયાએ જણાવ્યુ કે સીપીટી ની પરીક્ષા પહેલા ૨૦૦ માર્કસની હતી અને પ્રશ્ન બહુવિકલ્પી પ્રકારના હતા સાથે જ ૧ દિવસીય પરીક્ષામાં પ્રતિવિષય ૩૦ ટકા અંક મેળવવાના હતા. કુલ ૫૦ ટકા અંક પ્રાપ્ત કરતા આગલા ચરણની આઇસીસીની પરીક્ષામાં ભાગ લઇ શકતો હતો. પણ નવા પાઠ્યક્રમ મુજબ વિદ્યાર્થીને પહેલા ૧૨ ધોરણના એડમિટ કાર્ડના આધારે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. પરીક્ષા પેટર્નની વાત કરીએ તો ફાઉન્ડેશન કોર્સમાં ૪૦૦ માર્ક્સના ૪ પેપરની ૪ દિવસીય પરીક્ષા આપવાની રહેશે જેમાં બે પેપર સંપૂર્ણ લેખન આધારિત હશે અને નવા પાઠ્યક્રમ મુજબ પ્રતિ વિષય ક્વોલિફાઇંગ માર્ક ૪૦ ટકા અને કુલ ૫૦ ટકા માર્કસ નિર્ધારિત કરવામાં આવ્યા છે.

શહેરના ૪ યંગસ્ટર્સે 'બોલતાં ગ્લોઝ' બનાવ્યા

વિદ્યાર્થીઓએ 'ટોકિંગ ગ્લોઝ' ટાઇટલ સાથે 'બોલતા ગ્લોઝ' બનાવ્યા

ઇલેક્ટ્રીકલ એન્જીનિયરીંગના વિદ્યાથીઓએ બનાવ્યા બોલતા મોજા



સુરત, તા.૦૩

સુરતના એન્જીનીયરીંગનાં ૪ વિદ્યાર્થીઓએ કોલેજના પ્રોજેક્ટ સબમીશનમાં શૈક્ષણિક કાર્યમાં ઉપયોગી બને તેવો પ્રોજેક્ટ બનાવ્યો હતો.જેમાં વિકલાંગ વ્યક્તિઓ જે બોલી-સાંભળી કે જોઇ શકતાં નથી તેવા વ્યક્તિ માટે આ પ્રોજેક્ટ બનાવ્યો છે. ત્યારે આવું તે શું આ વિદ્યાર્થીઓએ બનાવ્યું છે

તસ્વીરમાં દેખાઇ રહેલા આ ચાર વિદ્યાર્થીઓનાં નામ છે ટ્વીંકલ ચાંપાનેરિયા, ફેમિલ પોકિયા, સૂરજ વઘાસિયા અને ધૃશિક ભોંસલે.જેઓ નવસારીની મહાત્મા ગાંધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુટનાં ઇલેક્ટ્રીકલ એન્જીનિયરીંગમાં છેલા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે. ઇલેક્ટ્રીકલ એન્જીનિયરીંગનાં નિયમ મુજબ અંતિમ સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓએ પ્રેક્ટીકલ પ્રોજેક્ટ કોલેજમાં સબમીશન કરવાનો હોય છે.ત્યારે આ ચાર વિદ્યાર્થીના ગ્રુપે પોતાનો પ્રોજેક્ટ અન્ય કરતા અલગ અને સમાજમાં કઇંક ઉપયોગી બની શકે તે પ્રકારનો પ્રોજેક્ટ સબમીશન કરવાનું વિચાર્યું અને સુરતનાં આ ચાર વિદ્યાર્થીઓએ 'ટોકિંગ ગ્લોઝ' ટાઇટલ સાથે 'બોલતાં ગ્લોઝ' બનાવાનું નક્કી કરી નાખ્યું.ત્યાર બાદ સતત એક વર્ષ સુધી અથાગ પ્રયત્નો કર્યા બાદ વર્ષને અંતે આખરે તેમને ટોકિંગ ગ્લોઝ' ટાઇટલ સાથે 'બોલતાં ગ્લોઝ' બનાવી નાખ્યા.આ ગ્લોઝ હાથમાં પહેરવામાં આવે તો હાથની મુવમેન્ટથી ગ્લોઝ પરનાં ડિસ્પ્લે પર લખાણ પ્રદર્શિત થાય છે અને એને સાંભળી પણ શકાય છે.જેને લઇ ગ્લોઝને કારણે જે લોકો બોલી નથી શકતાં એમનાં માટે કમ્યુનિકેશન વધારે સરળ બની જાય છે.

કેવી રીતે બનાવાયા ગ્લોઝ

સૌ પ્રથમ ગ્લોઝમા બેટરી અટેચ્ડ કરવામાં આવી છે-એટલે સેલ વડે પણ ચાલે છે. મોબાઇલ પ્લગ પણ જોઇન્ટ કરાયો છે એટલે એને ચાર્જ પણ કરી શકાય છે.ગ્લોઝસાથે સર્કિટ જોઇન કરવામાં આવી છે, જેની સાથે ડિસપ્લે પણ જોડાયુ છે. આંગળીઓ સાથે સેન્સર એટેચ્ડ કરવામાં આવ્યુ છે. એની સર્કિટ સાથે માઇક્રોકન્ટ્રોલર એટેચ કરાયા છે-જે સોફ્ટવેર સાથે કનેક્ટેડ છે. જેમા આલ્ફાબેટ્સનુ કોડિંગ પણ ઇન્સ્ટોલ કરાયુ છે.જેણે લઇ આંગળીઓનીમુવમેન્ટ- જેમ કે અડધી આંગળી વાળતા ? અને આખી આંગળી વાળતા ? આલ્ફાબેટ્સ ડિસપ્લે થાય છે. આ રીતે મુવમેન્ટ પ્રમાણે અલગ આલ્ફાબેટ્સનુ ડિકોડિંગ કરાયુ છે. ત્યાર બાદ ડિસપ્લે પર આલ્ફાબેટ કન્ફર્મ થયા પછી હાથની મુવમેન્ટ અપાતા તે ટેક્સ્ટ ટુ સ્પીચ કન્વર્ટર સર્કીટ વડે સાઉન્ડ ફોર્મમા સાંભળી શકાય છે.અને આમ આ ટોકિંગ ગ્લોઝ' મારફત થી બોલી-સાંભળી કે જોઇ ન શકતાને મદદ કરી શકાય છે.

સાંભળી કે જોઇ નહિ શકતા માટે બનાવ્યા ગ્લોઝ

જોકે ડિવાઇઝનો ઉપયોગ વિકલાંગ વ્યક્તિઓ જે બોલી-સાંભળી કે જોઇ શકતાં નથી એમનાં માટે કરવામાં આવે છે.આવા વ્યક્તિઓ હાથમાં ગ્લોઝ પહેરીને હાથની મુવમેન્ટ વડે અન્ય વ્યક્તિઓને પોતાનો મેસેજ આપી શકે છે અને સરળતાથી કોમ્યુનિકેશન કરી શકે છે.આ જ મુખ્ય ઉદ્દેશ સાથે આ વિદ્યાર્થીઓએ આ પ્રોજેક્ટ બનાવ્યો છે.

Owner-"SHIV DARSHAN PRAKASHAN" Editor, Printer,Publisher-Manoj Bapubhai Shinde" Printed at- 70-A ,Dharamnagar Estate, Near Rayka Circle, Bamroli Road, Udhana. Surat-10,
Published at-116-117, New Ashirwad Square, Near Sosyo Circle, Udhana, Magalla Road, Surat 395002 (Gujarat). Phone No. 2631212, Fax No. (0261) 2632529